દાખલ કર્યા તારીખ : ૧૯/૦૯/૨૦૧૫
રજી. થયા તારીખ : ૧૯/૦૯/૨૦૧૫
હુકમ કર્યા તારીખ : ૧૯/૧૧/૨૦૨૪
સમય ગાળો : વર્ષ , માસ , દિવસ.

**અમદાવાદ શહેરના ૬ઠ્ઠા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. અમદાવાદ શહેર.**

ક્રિમીનલ કેસ નં.૧૯૯૩/૨૦૧૫
આંક– ૧૮

ફરીયાદી : – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : – (૧)**વિજય ઉર્ફે વીકી સ/ઓ દેવજીભાઈ ભીખાભાઈ વાણીયા,**
રહે. શાહપુર શંકરભુવન ચુનાના ભઠ્ઠા પાસે, ચાંમુડા માતાના મંદિર સામે, શાહપુર, અમદાવાદ શહેર

.............................................................................................

ફરીયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી બી.આર. બારોટ
આરોપી નં.ર તરફે : વિ. વકીલશ્રી બી.સી.ચૌહાણ

.............................................................................................

ગુનો:ધી ઈ.પી.કો.કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

## :: જજમેન્ટ::

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

(૧). ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, એકબીજાની મદદગારીથી તા.૧૫/૦૫/૨૦૧૫ ના કલાક–૧૯/૦૦ થી તા.૧૬/૦૫/૨૦૧૫ ના કલાક–૮/૦૦ વાગ્યા દરમ્યાનમાં આ કામના ફરીયાદીશ્રીનાઓની નવરંગપુરા દિનેશ હોલની ગલીમાં વિશાલ કોમર્શીયલ સેન્ટરમાં ઓફીસ નં. બી/૧૩ માં

આવેલ અનમોલ એડવાઈઝરી નામની ઓફીસના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઓફીસમાં પ્રવેશ કરી ઓફીસમાંના કબાટમાંથી લેપટોપ લીનોવા કંપનીનું તથા બીજુ એચ.પી. કોમ્પેક કંપનીનું કુલ કિ.રૂા.૨૦,૦૦૦/- ની મત્તાની ચોરી કરી લઈ જઈ એકબીજાની મદદગારી કરી, ધી ઈ.પી.કો. કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. આ ગુના સંબંધી ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ નવરંગપુરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૦૪/૨૦૧૫ થી ફરીયાદ આપતા તપાસ કરનાર અમલદારે તપાસ શરુ કરી, જરૂરી પંચનામુ કરી, સાહેદોના નિવેદનો નોધી, પુરતો પુરાવો આરોપીઓ વિરૂધ્ધ જણાઈ આવતા આરોપીઓની અટક કરી ગુનો બનતો હોય ચાર્જશીટ રજુ કરેલ.

(૨).આ કામના આરોપીઓને પ્રોસેસ ઈશ્યુ કરતા આરોપી ને પ્રોસેસ ની બજવણી થતા આ કામના આરોપી તેમના વિ. વ.શ્રી મારફત હાજર થયેલ અને તેઓને ચાર્જશીટ તથા પોલીસ તપાસની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ વિનામૂલ્યે આપ્યાની ખાતરી કરી તહોમતનામુ આંક- ૧૩ થી ફરમાવી આરોપીનું આંક- ૧૪ થી નિવેદન(પ્લી)નોંધતા આરોપી એ આક્ષેપીત ગુનાની કબુલાત ન કરતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ.ત્યારબાદ આ કામે આરોપી મળી આવેલ ન હોય આરોપી ની ગેરહાજરીમાં કેસની કાર્યવાહી આગળ ચલાવવા સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ મુજબનો હુકમ કરી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

(૩). ફરીયાદપક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

## –:: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ::

| અ.નં. | પુરાવો | વિગત |
|---|---|---|
| (૧) | ૫ | સાહેદ રણજીતસિંહ લક્ષ્મણસિંહ ની જુબાની |
| (૨) | ૬ | સાહેદ ગજેન્દ્રસિંહ હીમંતસિંહ ની જુબાની |
| (૩) | ૭ | પંચ સાહેદ પીન્ટુભાઈ ચંદુલાલ કોઠારી ની જુબાની |
| (૪) | ૮ | પંચનામું |
| (૫) | ૧૫ | ફરીયાદી વૈભવ બકુલકુમાર ગાંધી ની જુબાની |
| (૬) | ૧૬ | ફરીયાદ |

**(૪)** આ કામે આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી ચલાવવામાં આવેલ આવેલ હોય આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે નીવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે એપીપીશ્રીની મૌખિક દલીલો ધ્યાને લીધેલ છે.

**(૫)** ઉભયપક્ષની રજૂઆત અને રજૂ થયેલ પુરાવા સાથે ધ્યાને લેતા આકેસનાં ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

### :: મુદ્દાઓ ::

(૧) શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, એકબીજાની મદદગારીથી તા.૧૫/૦૫/૨૦૧૫ ના કલાક–૧૯/૦૦ થી તા.૧૬/૦૫/૨૦૧૫ ના કલાક–૮/૦૦ વાગ્યા દરમ્યાનમાં આ કામના ફરીયાદીશ્રીનાઓની નવરંગપુરા દિનેશ હોલની ગલીમાં વિશાલ કોમર્શીયલ સેન્ટરમાં ઓફીસ નં. બી/૧૩ માં આવેલ અનમોલ એડવાઈઝરી નામની ઓફીસના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઓફીસમાં પ્રવેશ કરી ઓફીસમાંના કબાટમાંથી લેપટોપ લીનોવા કંપનીનું તથા બીજુ એચ.પી. કોમ્પેક કંપનીનું કુલ

કિ.રૂા.૨૦,૦૦૦/– ની મત્તાની ચોરી કરી લઈ જઈ એકબીજાની મદદગારી કરી, ધી ઈ.પી.કો. કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬).** ઉપરોકત હુકમ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: ફરીયાદપક્ષે રજુ પુરાવો::**

**(૭).** આ કામે ફરીયાદીની આંક– ૧૬ થી રજુ ફરીયાદની હકીકતો ઘ્યાને લઈએ તો, તા. ૧૫/૫/૧૫ ના રોજ સાંજના સાતેક વાગ્યાના સુમારે મારી ઓફીસે મે બંઘ કરેલ અને બીજા દીવસે તા. ૧૬/૫/૧૫ ના રોજ સવારના સાડા સાતેક વાગે મારા બિલ્ડીગ માંથી મારા ઉપર ફોન આવેલ અને મને કહેલ કે તમારી ઓફીસનો દરવાજો ખુલ્લો છે જેથી હું આઠેક વાગે મારી ઓફીસે આવેલ અનેજોયેલ તો મારી ઓફીસનો દરવાજાનો નકચો તુટેલ હતો જેથી મે ઓફીસમાં આવી જોયેલ તો ઓફીસમાંથી કોઈ ચીજવસ્તુ ચોરી થયેલાનું જણાયેલ નહી જેથી મે જે તે વખતે ફરીયાદ કરેલ નહી ત્યારબાદ આશરે પાંચેક દીવસ પછી અમારી ઓફીસના એક કબાટ માં બંઘ હાતમાં હોય તેવા બે લેપટોપ જેમા એક લેનોવો સીલવર કલરનો જેનો મોડલ નં. ૩૦૦૦–સી૧૦૦ તથા (૨) એચપી કોમ્પેક ડાર્ક બ્લુ કલરનો પ્રીસારીયો સીપ૦૦ મોડલનું મુકેલ હતા તે કબાટ ખોલી જોતા જણાયેલા નહી પરંતુ લેપટોપ બંઘ હાલતમાં હોય તેમજ નજીવી કિમતનો હોય જેથી મે ફરીયાદ ફરીયાદ કરેલ નહી. ત્યારબાદ ગઈકાલ તા. ૨૯/૭/૧૫ ના રોજ નવરંગપુરા પો.સ્ટેશનથી મારા ઉપર ફોન આવેલ કે તમારી ઓફીસમાંથી

કોઈ ચીજવસ્તુની ચોરી થયેલ છે તેમ કહેતા મે હા પાડી મારી ઓફીસમાંથી બે લેપટોપ ચોરી થયેલાનું જણાયેલ જેથી તેઓએ નવરંગપુરા પો.સ્ટેશન ખાતે આવી લેપટોપ જોવા જણાવતા તેઓ નવરંગપુરા પોલીસ સ્ટેશન આવેલ અને આપ સાહેબે મને લેપટોપ બતાવેલ જે લેપટોપ મારા છે જે હું ઓળખી બતાવુ છું જે લેપટોપ આપ સાહેબે ચોરીના કામે આરોપી પાસેથી કબજે લીધેલ હોય સદર ચોરી ઈસમ વિરુધ્ધ ધોરણસર તપાસ થવા ફરીયાદ આપેલ છે.

(૮). ફરીયાદ પક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આ કામે આંક–૦૫ થી સાહેદ રણજીતસિંહ લક્ષ્મણસિંહ નાઓ ને તપાસવામાં આવેલ છે. તેઓ જણાવે છે કે ૨૦૧૫ ના અરસામાં તેઓ નવરંગપુરા પો.સ્ટેમાં હેકો તરીકે ફરજ બજાવતા હતા તે વખતે તા. ૨૯/૭/૧૫ ના રોજ હું તથા મારી સાથે વીનુભા , અજય, ગજેન્દ્રસિંહ બધા પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિગમાં હતા તે દરમ્યાન કલાક ૧૮:૩૦ વાગે મીઠાખળી સર્કલ પાસે સાથેના હે.કો વિનુભાઈ ને બાતમી મળેલ કે બે ઈસમ ચાલતા આવી રહયા છે અને આ બંને જણા શંકાસ્પદ હીલચાલ કરે છે આ બાતમીથી અમોને બધા માહીતગાર કરેલા બે પં ચોને બોલાવેલા પંચોને પણ બાતમીથી માહીતગાર કરલા તે પછી મીઠાખળી અં ન્ડર બ્રીજ તરફથી થોડીવારમાં બે જણા બાતમી મુજબ ના વર્ણનવાળા ચાલીને આવતા હોય કોર્ડન કરીને રોકેલા સાથેના વિનુભાઈ એ નામઠામ પુછતા એકનું નામ કિરણ તથા બીજાનું નામ વિજયભાઈ હતુ કીરણ પાસે પ્લાસ્ટીકની થેલીમાં બે લેપટોપ હતા તથા આરોપી નં બર ૨ પાસે પાંચ મોબાઈલ તથા બે ચશ્મા કવર સાથેના તથા કાડા ઘડીયાળ એક તથા હનુમાનજીના પેન્ડલવાળું બગસરાની ચેન તથા વોલેટ નંગ – ૨ તથા નાના પોકેટ પર્સ મળી આવેલા આ લોકો પાસે આ ચીજવસ્તુના બીલ માગતા કોઈ બીલ ના હતા

અને ગલ્લા તલા કરતા હતા સંતોષકારક જવાબ આપતા ના હતા બંને ઈસમ પાસેથી મળી આવેલી વસ્તુઓ સાથેના વિનુભાઈ અ પંચનામાની વિગેત સી.આર.પી.સી ની કલમ-૧૦૨ મુજબ કબજે કરેલ આ બંને જણાને ૪૧ (૧) (ડી) પ્રમાણે અટક કરેલા.આ બે પૈકી કીરણ સગીરવયનો હતો. તેના વાલીને આ કાર્યવાહીની સમજ કરેલ અને જરુર પડે હાજર રહેવાની સમજ કરેલી. આ બાબતે તેઓએ તેમનું નિવેદન નવરંગપુરા પો.સ્ટેશનના હે.કો વિનુભાઈ રૂબરૂ લખાવેલ આરોપી ને જોઈને ઓળખી શકું નહી. કારણ કે બનાવને ઘણા વર્ષો થયા છે.

(૯) ફરીયાદપક્ષે સાહેદ ગજેન્દ્રસિંહ હીમંતસિંહ નાઓ આંક- ૬ થી જણાવે છે કે ૨૦૧૫ ના અરસામાં તેઓ નવરંગપુરા પો.સ્ટેમાં હેકો તરીકે ફરજ બજાવતા હતા તે વખતે તા. ૨૯/૭/૧૫ ના રોજ હું તથા મારી સાથે વીનુભા , અજય, ગજેન્દ્રસિંહ બધા પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિગમાં હતા તે દરમ્યાન કલાક ૧૮:૩૦ વાગે મીઠાખળી સર્કલ પાસે સાથેના હે.કો વિનુભાઈ ને બાતમી મળેલ કે બે ઈસમ ચાલતા આવી રહયા છે અને આ બંને જણા શંકાસ્પદ હીલચાલ કરે છે આ બાતમીથી અમોને બધા માહીતગાર કરેલા બે પં ચોને બોલાવેલા પંચોને પણ બાતમીથી માહીતગાર કરલા તે પછી મીઠાખળી અં ન્ડર બ્રીજ તરફથી થોડીવારમાં બે જણા બાતમી મુજબ ના વર્ણનવાળા ચાલીને આવતા હોય કોર્ડન કરીને રોકેલા સાથેના વિનુભાઈ એ નામઠામ પુછતા એકનું નામ કિરણ તથા બીજાનું નામ વિજયભાઈ હતુ કીરણ પાસે પ્લાસ્ટીકની થેલીમાં બે લેપટોપ હતા તથા આરોપી નં બર ૨ પાસે પાંચ મોબાઈલ તથા બે ચશ્મા કવર સાથેના તથા કાડા ઘડીયાળ એક તથા હનુમાનજીના પેન્ડલવાળું બગસરાની ચેન તથા વોલેટ નંગ - ૨ તથા નાના પોકેટ પર્સ મળી

આવેલા આ લોકો પાસે આ ચીજવસ્તુના બીલ માગતા કોઈ બીલ ના હતા અને ગલ્લા તલા કરતા હતા સંતોષકારક જવાબ આપતા ના હતા બંને ઈસમ પાસેથી મળી આવેલી વસ્તુઓ સાથેના વિનુભાઈ અ પંચનામાની વિગેત સી.આર.પી.સી ની કલમ–૧૦૨ મુજબ કબજે કરેલ આ બંને જણાને ૪૧ (૧) (ડી) પ્રમાણે અટક કરેલા.આ બે પૈકી કીરણ સગીરવયનો હતો. તેના વાલીને આ કાર્યવાહીની સમજ કરેલ અને જરુર પડે હાજર રહેવાની સમજ કરેલી. આ બાબતે તેઓએ તેમનું નિવેદન નવરંગપુરા પો.સ્ટેશનના હે.કો વિનુભાઈ રૂબરૂ લખાવેલ આરોપીને જોઈને ઓળખી શકું નહી. કારણ કે બનાવને ઘણા વર્ષો થયા છે.

**(૧૦)** ફરીયાદપક્ષે સાહેદ પીન્ટુભાઈ ચંદુભાઈ કોઠારીનાઓ આંક– ૭ થી જણાવે છે કે તેઓ પંચનામા વિશે કાંઈ જાણતા નથી. મારી હાજરીમાં પોલીસ ે કોઈ વ્યકિતને શંકાસપદ હાલતમાં અટક કર્યા નથી મે પોલીસના કહેવાથી પં ચનામામાં સહી કરેલી. મને તા.૩૦/૭/૧૫ ના રોજ નું પંચનામું વાંચી સં ભળાવવામાં આવે છે. આ પંચનામામાં પંચ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવે છે જે આંક– ૮ થી રજુ છે. આ પ્રમાણેની કોઈ કાર્યવાહી મારી હાજરી થયેલી નથી. પંચનામાના સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી .

**(૧૧)** ફરીયાદપક્ષે ફરીયાદી વૈભવ બકુલકુમાર ગાંધીનાઓ આંક– ૧૫ થી જણાવે છે કે તેઓ અમદાવાદ નવરંગપુરા ખાતે વૈશ્લ કોર્મશીયલ સેન્ટરમાં બેસીને શેરબજારનું કામ કરે છે સને ા. ૧૫/૫/૧૫ ના રોજ તેઓ તેમની ઓફીસ બંધ કરીન ગયેલા અને બીજા દીવસે મારી બીલડીગમાંથી મને ફોન આવેલ અન જણાવેલ કે તમારી ઓફીસનો દરવાજો ખુલલો છે જેથી હું તરત જ ઓફીસ આવેલ અને જોયેલ તો મારી ઓફીસનો દરવાજો ખુલ્લો જોઈને નપાસ

કરતા બે લેપટોપ જોવા મળેલ નહી જેથી આ કોઈ ઈસમ ચોરી કરી ગયેલા હોય બનાવની તેઓએ ફરીયાદ આપેલ. તેમાં તેઓની સહી છે જે આંક– ૧૬ થી રજે. આ ચોરી કોણે કરેલ તે બાબતે તેઓ કાંઈ જાણતા નથી. આ કેસ મારે હવે આગળ ચલાવવો નથી. તેથી આ કામે કોઈ વધુ લેખીત કે મૌખીક પુરાવા રજુ કરવા માંગતા નથી. હું સમાધાન રજુ કરી વધુ પુરાવા આપવા માંગતો નથી.

## :: પુરાવાનું વિશ્લેષણ ::

(૧૨ આ કામના ફરિયાદીની જુબાની ઘ્યાને રાખીએ તો ફરિયાદીની ઓફીસનો દરવાજો ખુલ્લો હોય જોઈને તપાસ કરતા બે લેપટોપ જોવા મળેલ નહી ચોરી કરેલ હોવાની હીકકત સાબિત થાય છે પરંતુ ચોરી કોણે કરેલી તે વિશે કોઈ હકીકત આ કામના ફરીયાદીએ પોતાની સરતપાસમાં જણાવેલ નથી. તેમજ આરોપી પાસેથી કબજે લીધેલા બન્ને લેપટોપ આ કામના ફરીયાદીના હોય અને ફરીયાદીએ ઓળખી બતાવેલ હોય તે અંગેનુ પંચનામુ થયેલ નથી. જેના કારણે આરોપીના કબજામાંથી મળી આવેલા લેપટોપ ફરીયાદીના હતા કે કેમ તેની સાંયોગિક પુરાવાની સાંકળપૂર્ણ થતી નથી. જેથી ફરીયાદીની ઓફીસમાંથી આરોપીએ ચોરી કરેલ હોય તે હકીકત સાંયોગિક પુરાવા ઘ્વારા પૂર્ણ થતી નથી. આ કામે ફરિયાદીએ આંક–૧૭ થી કલોઝીંગ રજુ કરેલ છે. જેથી આ કેસ આગળ ચલાવવામાં આવે અને તપાસ કરનાર અધિકારીની જુબાની લેવામાં આવે તો પણ આ લેપટોપ ફરીયાદીના હતા કે કેમ તેની ખામીની પુર્તતા થવાની શકયતા ન હોવાના કારણે કલોઝીંગ પુરસીસ ગ્રાહય રાખવામાં આવે છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચાનુસાર આ કામે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે જયારે મુદ્દા નંબરઃ૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે

–ઃ આ ખ રી હુ ક મ ઃ–

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ આ કામના આરોપી **વિજય ઉર્ફે વીકી સ/ઓ દેવજીભાઈ ભીખાભાઈ વાણીયા,** રહે. શાહપુર શંકરભુવન ચુનાના ભઠ્ઠા પાસે, ચાંમુડા માતાના મંદિર સામે,શાહપુર અમદાવાદ શહેર નાઓ ની ગેરહાજરીમાં સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) મુજબ ધી ઈ.પી.કો.કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી બિનતહોમત નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેછે.

(૨) આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમી કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખ .૧૯ મી, માહે. નવેમ્બર, સને–૨૦૨૪નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃઅમદાવાદ.
તા.૧૯/૧૧/૨૦૨૪.

**(વી. એ. ઘાઘલ )**
૬ઠ્ઠા એડી. ચીફ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.
કોડ નંબરઃજીજે.૦૦૮૯૧.